સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/PRC/e-file/17/2025/2424/H Section,

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધો:**

(૧) નાણાં વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૫નો પરિપત્ર ક્રમાંક:FD/EXP/e-file/4/2026/0429/Z1 (Economy)

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬/૧૦/૨૦૨૫નો પત્ર ક્ર.અજાક/ચ/યોજના/૨૦૨૫/૯૪૪

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૬/૦૩/૨૦૨૬નો પત્ર ક્ર.DSCWG/0022/03/2026

**પ્રસ્તાવના**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના નાણા વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૬ના પરિપત્રથી દરેક વહીવટી વિભાગોએ તેમના હસ્તકની સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ચાલુ બાબતો અને નવી સેવા/નવી બાબતોની વહીવટી મંજૂરી મેળવવા અંગે કાર્યવાહી નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૬/૧૦/૨૦૨૫ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓના અંદાજો મોકલી આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૬/૦૩/૨૦૨૬ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ ચાલુ બાબતોને વહિવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ઉક્ત ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના નાણા વિભાગના ૨૫/૦૨/૨૦૨૬ ના પરિપત્રથી સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ કરેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) તથા ક્રમાંક:(૩) પરની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પર કાળજીપૂર્વકની વિચારણાને અંતે સને ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડ કરતાં વધુ નાણાકીય જોગવાઈ ધરાવતી તેમજ જોગવાઈમાં સૂચવેલ વધારો સને ૨૦૨૫-૨૬ની જોગવાઈની સરખામણીમાં ૨૫% કે તેથી ઓછો હોય તેવી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની "ડો.આંબેડકર આવાસ યોજના" ની રૂ.૧૧૦.૦૦ કરોડની કુલ ૦૧ (એક) ચાલુ બાબતની જોગવાઈને, આ સાથે સામેલ Statement-A મુજબ, નીચે મુજબની શરતોનું પાલન સુનિશ્ચિત કરવાની શરતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

